બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૧ માર્ચ, ૨૦૦૯)

## (વિભાગ - ૧ : સહજાનંદ ચરિત્ર, અગિયારમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૦૪)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૧૨)**

☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ મહારાજ - મૂળુખાચરને (૫/૩૩)
➪ મૂળુખાચરે મહારજને કહ્યું મારે અફીણ અને હોકાનું વ્યસન છે, મારાથી છૂટે નહિ. તેથી હું સત્સંગી થઈશ નહિ ત્યારે.

૨. ➪ મહારાજ - દીનાનાથ ભટ્ટને (૧૧/૭૪)
➪ દીનાનાથ ભટ્ટે મહારાજને કહ્યું ઘણાં શાસ્ત્રો ભણ્યો છું. આખું ભાગવત મોઢે છે, રોજ ભાગવતના અઢાર હજાર શ્લોક બોલી જાઉં છું ત્યારે મહારાજ પૂછે છે.

૩. ➪ ગવર્નર સાહેબ (ગવર્નર જહૉન માલ્કમ) - મહારાજને (૨૯/૧૪૬)
➪ રાજકોટમાં મહારાજ પાસે ગવર્નર સાહેબે ધર્મના સિદ્ધાંતનું પુસ્તક માગ્યું ત્યારે મહારાજને કહ્યું. (૨૯/૧૪૬)

૪. ➪ ડનલોપ સાહેબ - મહારાજને (૨૧/૧૧૧)
➪ આ.સં. ૧૮૭૬ના કાર્તિક સુદમાં મહારાજ અમદાવાદ પધાર્યા ત્યારે કલેક્ટર ડનલોપ સાહેબે સામેથી પૂછ્યું.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણ જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. શ્રીજીમહારાજે સંતોને સંસ્કૃત ભણવાની આજ્ઞા કરી. (૮/૫૧)
જ. છોટીકાશી ગણાતા જામનગરમાં વચનની મૂર્તિ આત્માનંદ સ્વામી સાથે કેટલાક વિદ્વાન બ્રાહ્મણો શાસ્ત્રાર્થ કરવા આવ્યા. તેમણે સ્વામીને બે વાર પૂછ્યું તમારું સ્વરૂપ શું ? સ્વામીએ કહ્યું સર્વ શાસ્ત્રનો સાર ગુરુવચન છે. તેથી વિદ્વાન બ્રાહ્મણોએ મૂર્ખ અને જડ કહી અપમાન કર્યું. આ વાતની જાણ મહારાજને થતાં મહારાજે સંતોને સંસ્કૃત ભણવાની આજ્ઞા કરી.

૨. કાલવાણીમાં રામાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને દર્શન દીધાં. (૨/૧૫-૧૬)
જ. સમાધિની વાત સાંભળીને મુક્તાનંદ સ્વામી મહારાજને ઠપકો આપવા આવ્યા ત્યારે તેમના શિષ્ય સંતદાસજીને પણ સમાધિ થઈ. તેમણે સમાધિની બધી વાત કરી છતાં મુક્તાનંદ સ્વામીને સંતોષ થયો નહિ. ત્યારે રામાનંદ સ્વામીએ કાલવાણીમાં દર્શન દઈ સાચી વાત સમજાવી.

૩. શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીને અમારા જડભરત કહ્યા. (૨૩/૧૧૯)
જ. મહારાજ ઓઢતા હતા તે ધાબળો ખૂબ વજનદાર, જાડો અને બરછટ હતો. તે કોઈને આપતા ન હતા. ગુણાતીતાનંદ સ્વામીએ તે ધાબળો માગ્યો. મહારાજે ના પાડી. તો મુક્તાનંદ સ્વામીએ કહ્યું 'મહારાજ ! આ નિર્ગુણાનંદ જડભરત જેવા છે.' તેમને ધાબળો ગમ્યો છે તો આપો. તેથી મહારાજ તેમને ધાબળો ઓઢાડતાં કહે છે.

**પ્ર.૩ નીચે આપેલાં પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (સળંગ વર્ણન કરવાનું નથી.) (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

**૧. સ્વામિનારાયણિયા (૨૭/૧૩૯)**
૧. દરેક મંદિરમાં પ્રમુખ મૂર્તિઓનાં જુદાં જુદાં નામને લીધે ત્યાગીવર્ગમાં નવો પક્ષભેદ જાગ્યો.
૨. સૌ એકબીજાને વાસુદેવિયા, નરનારાયણિયા, લક્ષ્મીનારાયણિયા એમ કહીને સંબોધવા લાગ્યા.
૩. આથી એકવાર મહારાજે વાસુદેવિયા, નરનારાયણિયા, લક્ષ્મીનારાયણિયા એમ સૌને અલગ અલગ બેસાડ્યા.
૪. છેલ્લે કહ્યું, 'હવે જે સ્વામિનારાયણિયા રહ્યા હો, તે મારી પાસે આવીને બેસો.'
૫. પક્ષાભિમાની સાધુઓએ માફી માગીને પોતાની સર્વ પ્રવૃત્તિના લક્ષ્યમાં શ્રીજીમહારાજને જ રાખવાનું નક્કી કર્યું.

**૨. સૌનું કલ્યાણ કરવું છે. (૯/૫૭)**
૧. ઘેલાને રસ્તે જતાં મહારાજને ભટકાયેલા કણબીને મૂળજી બ્રહ્મચારીએ કહ્યું : 'અલ્યા આંધળો છો ? અમારા ભગવાન સાથે ભટકાયો.'
૨. હું આંધળો હોઈશ પણ તારો ભગવાન આંધળો છે કે અમારી સામું ન જોયું ? ગોવાળો અને વાંદરાનું કલ્યાણ કર્યું અને અમને ભૂલી ગયા ?
૩. મહારાજે સંકલ્પ કર્યો 'મારે આ કણબીઓ અને સર્વ ઊતરતી જાતિમાત્રનું કલ્યાણ કરી સૌનો ઉદ્ધાર કરવો છે.
૪. 'તમને ગણિત કેવુંક આવડે ?' પ્રશ્નના ઉત્તરમાં મૂળજી શેઠે કહ્યું : 'એકડો લખી તેની પર સત્તર મીંડાં ચઢાવીએ ત્યાં સુધી ગણતાં આવડે છે.'

૫. મહારાજે કહ્યું, 'અમારે તો તેના કરતાં પણ વધુ અનંત જીવોનું પૃથ્વી પરના મુમુક્ષુ માત્રનું આત્યંતિક કલ્યાણ કરવું છે.'

**૩. સાધુ-ધર્મ સમજાવ્યો (૧૮/૧૦૦)**

૧. લક્ષ્મીવાડીએથી દાદાખાચરના દરબાર તરફ મહારાજ સંઘ લઈને જતાં હતાં ત્યારે રસ્તામાં એક છોકરાનું થૂંક જૈન સાધુના અંગ પર પડ્યું.

૨. જૈન સાધુની હો..હા થી તેના શિષ્યો બજારમાં આગેવાન વેપારી મહાજન હતા, તેમણે દુકાનો બંધ કરી બજાર બંધ કરી દીધું.

૩. હેબતાઈ ગયેલા છોકરાને મહારાજે 'ક્યાં થૂંકવું, ક્યાં ન થૂંકવું' વગેરે ચીવટ રાખવાનું હેતથી સમજાવ્યું.

૪. મહારાજ સામે ચાલી જૈન સાધુ પાસે જઈ બાળકથી થયેલી ભૂલનું ભાન કરાવી વિનયથી બાળકને ક્ષમા આપવા કહ્યું.

૫. જૈન સાધુના મનનું સમાધાન થયું. તેને સાધુ ધર્મ સમજાતાં પોતાના આશ્રિતોને સમજાવતાં હડતાલ ખૂલી ગઈ.

**પ્ર.૪ નીચે આપેલાં પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)** ☞ **નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. આણંદના લોકોએ કરેલું અપમાન મહારાજે સહન કર્યું. તેથી આણંદના દ્વાર કાયમ માટે ખુલ્લા થઈ ગયા. (૧૭/૯૭)

૨. ફણેણી ગામમાં સંવત ૧૮૫૮ ના માગશર વદ એકાદશીના દિવસે જુદા સિંહાસન પર મહારાજ બેઠા. (૧/૨)

૩. અમારું સ્વરૂપ આ સાધુરૂપે અહીં રાખ્યું છે. (આ સાધુ અમારા જેવા જ છે.) માટે એમનાં દર્શન, સેવા, સમાગમ કરજો. (૨૭/૧૩૯)

૪. શ્રીજીમહારાજે પ્રાગટ્યના છ હેતુઓ કારિયાણીમાં ગોપાળાનંદ સ્વામીને કહ્યા. (૨૦/૧૦૩)

૫. શ્રીજીમહારાજે પોતાના હસ્તે પોતાની મૂર્તિ 'હરિકૃષ્ણ' નામે વરતાલમાં પધરાવી. (૨૪/૧૨૧)

**પ્ર.૫ નીચે આપેલાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યોને સુધારીને ફરીથી લખો. (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ : ફક્ત ખોટું જણાવેલ હોય તો ગુણ ન આપવો. નીચે સાચો જવાબ લખેલ હોય તો જ ગુણ આપવો.**

૧. **ખોટું - ✗** (૧૩/૮૩) જ. લોયા, **નાગડકા** અને **પંચાળામાં** શ્રીજીમહારાજે પરમહંસોને ૮ માસ સુધી પોતાના સ્વરૂપની વાત કરી.

૨. **ખરું - ✓** (૧૬/૯૧)     ૩. **ખરું - ✓** (૨૧/૧૧૫)     ૪. **ખરું - ✓** (૨૪/૧૩૦)

૫. **ખોટું - ✗** (૭/૪૧) જ. શ્રીજીમહારાજે ભાદરામાં **સાકરબાને** મૂળજી ભક્તનો મહિમા કહ્યો.

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

૧. અદ્ભુતાનંદ સ્વામી (૭/૪૩)   ૨. લક્ષ્મીજી (૧૨/૮૧)   ૩. મૂળજી શેઠ (૧૦/૬૫)   ૪. વરતાલ (૨૫/૧૩૩)

**(વિભાગ - ૨ : 'સત્સંગ વાચનમાળા ભાગ - ૨', આઠમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૭)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૧૨)**

☞ **નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ જાગા ભક્ત - પિતાને (રાઘવ ભક્તને) (૭/૪૯)

➪ જાગાભક્ત ગૃહત્યાગ કરીને જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી પાસે ગયા ત્યારે તેમના પિતા ગઢડાથી મહંત મહાપુરુષદાસજીનો આચાર્યશ્રી ઉપરનો ભલામણ પત્ર લઈને જૂનાગઢ આવ્યા ત્યારે કહે છે.

૨. ➪ દાદાખાચર - પ્રેમાનંદ સ્વામીને (૨/૧૫)

➪ મહારાજના ધામમાં ગયા પછી મહારાજની સ્મૃતિ થઈ આવતાં પ્રેમાનંદ સ્વામી 'સજની શ્રીજી મુજને .....' વિરહનું પદ ગાતા હતા. તે દાદાખાચર સાંભળી શક્યા નહિ તેથી કહ્યું.

૩. ➪ જીવાખાચર - મહારાજને (૫/૩૪)

➪ ઘેલામાં સ્નાન કરીને પાછા આવતાં મહારાજે ટેકરા ઉપર સાધુબાવાઓને બેઠેલા જોઈ જીવાખાચરને આ બાવાઓ માટે ઉતારા-ધર્મશાળા જેવું કરી આપવાનું કહ્યું ત્યારે.

૪. ➪ બ્રહ્માનંદ સ્વામી - મહારાજને (૩/૨૫)

➪ મહારાજ એક સમયે ગઢપુરમાં સંતોની જોડ બાંધતા હતા ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને પૂછયું.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. પ્રેમાનંદ સ્વામીએ કીર્તન રચ્યું 'માણકીએ ચઢ્યા રે વનમાળી... નથી જાતી દરબારમાંથી ઘોડી.' (૬/૪૪)
મહારાજ સાથે લાડુબા, જીવુબા તથા અન્ય સ્ત્રીઓ જવા માટે તૈયાર થયા. મહારાજે ના પાડી. ત્યારે માણકી ઘોડીને ચલાવવા માટે ઘણો પ્રયત્ન કર્યો પણ તે આગળ ચાલી જ નહીં. તેથી મહારાજે કહ્યું : ' આ ડોશીઓએ ઘોડીની વૃત્તિ ખેંચી રાખી છે.' તેથી તેમને સાથે આવવાની હા પાડી ત્યારે માણકી ચાલી. તેથી પ્રેમાનંદ સ્વામીએ તે ઉપર કીર્તન બનાવ્યું.

૨. મૂળજીભાઈ સવાર સુધી જાગતા જ રહ્યા. (૩/૨૧-૨૨)
યજમાનની દીકરીને સાસરેથી પિયર તેડી લાવવા મૂળજીભાઈ ગયા હતા. રસ્તામાં એક સ્થળે નાના મકાનમાં યજમાનની

દીકરીને ઓરડામાં સુવાડી પોતે ઓટલે સૂતા. રાત્રે કન્યા ચંચળવૃત્તિથી બે વાર તેમની પાસે આવી. તેથી ફફડી ગયેલા મૂળજીભાઈ સવાર સુધી જાગતા રહ્યા.

૩. જાગા ભક્તને ગોળી મારે એવું વસમું લાગ્યું. (૭/૫૫)
જાગા ભક્તે વિહારીલાલજી મહારાજને કહેવડાવ્યું હતું કે, 'તમે જો અક્ષરપુરુષોત્તમની જોટે મૂર્તિ પધરાવો અને અક્ષરપુરુષોત્તમના મહિમાનો ગ્રંથ લખાવો તો બે દીકરા આપું.' પણ મહારાજે કહ્યું, 'ભેખ-ત્યાગી આગળ મારું કાંઈ ન ચાલે.' તે સાંભળીને જાગા ભક્તને વસમું લાગ્યું.

**પ્ર.૯ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ <u>પાંચ</u> સાચાં વાક્યોને શોધી <u>ફક્ત નંબર</u> લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : - જવાબમાં આપેલાં અંક કોઈપણ રીતે લખેલા હોય તો પણ સંપૂર્ણ સાચું આપવું.**

**વિષય :- નિત્યાનંદ સ્વામી (૧/૨થી૭) જ. ફક્ત નંબર :- ૧, ૨, ૫, ૭, ૮**

**પ્ર.૧૦ નીચે આપેલાં પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)** **☞ નોંધ :-અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. 'વંદુ સહજાનંદ રસરૂપ......' ના પદ રચ્યાં. (૨/૧૩)
૨. મૂળજીભાઈને રામાનંદ સ્વામીએ દીક્ષા આપી. (૩/૨૨)
૩. ડોશી વૃદ્ધ હતા. વળી મહારાજનું ભજન કરતાં હતાં. (૫/૩૭)
૪. નાને સે હો નાને રહીએ, જૈસી નાની દૂબ;
ઘાસ ફીસ સબ ઊડ ગયા, દૂબ ખૂબકી દૂબ. (૮/૬૩)
૫. શ્રીજીમહારાજે અયોધ્યાપ્રસાદજીને અમદાવાદ દેશની ગાદીના આચાર્ય નીમ્યા. (૪/૨૭)

## (વિભાગ - ૩ નિબંધ)

**પ્ર.૧૧ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. વચનામૃત - સઘળી સમસ્યાઓનું સમાધાન.**

૧. વચનામૃત એટલે ? અર્થ - વચનરૂપી અમૃત - ભગવાન સ્વામિનારાયણના વચનરૂપી અમૃતનો સંગ્રહ એટલે વચનામૃત.
૨. શ્રીજીમહારાજની પરાવાણી - મુમુક્ષુના જીવનનો હેતુ - ઉદ્દેશ્ય, સિદ્ધ કરતી વાણી.
૩. વચનામૃતમાં પંચવિષય જીતવાનો ઉપાય : વિષયખંડનની વાત - મુમુક્ષુને સાધના માર્ગમાં વિઘ્ન કરતા વિષયો કઈ રીતે રોકી શકાય તેનું સચોટ માર્ગદર્શન. (વચનામૃતના સંદર્ભો આપવા)
૪. ઈન્દ્રિયો, અંતઃકરણ (મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર) પર કઈ રીતે વિજય મેળવી શકાય તેનું માર્ગદર્શન (સંદર્ભો વચનામૃતમાંથી) કામ, ક્રોધ, લોભ, માન, ઈર્ષા, સ્નેહ, સ્વાદની ગ્રંથિઓ ગાળવાના દૃષ્ટાંત પ્રસંગો સહિત ઉપાયો (સંદર્ભો)
૫. ભગવાન અને સંતની આજ્ઞા પાળવાથી થતા લાભ. આજ્ઞા લોપવાથી થતું નુકશાન, નિશ્ચયની દૃઢતા, સ્વરૂપનિષ્ઠા, ભગવાનની ભક્તે સહિત શુદ્ધ ઉપાસનાથી અક્ષરધામની પ્રાપ્તિ એટલે કે આત્યંતિક કલ્યાણ સુધી મુમુક્ષુને ગતિ કરાવતો ગ્રંથ એટલે વચનામૃત (સંદર્ભો)
૬. માટે જ સઘળી સમસ્યાઓના સમાધાન માટેનો ગ્રંથ એટલે વચનામૃત - ઉપસંહાર.

**૨. જીવન વનની કેડીના ભોમિયા ગુરુદેવ.**

૧. જીવન પથના અનુભવી ગુરુદેવ - દરેક સમસ્યાઓનો ઉકેલ - કોઈ પણ કામમાં તેના અનુભવીના માર્ગદર્શનની જરૂર - જીવનની કેડી પર પણ અનુભવીની જરૂર - જે ગુરુસ્વરૂપે આપણને પ્રાપ્ત - આધ્યાત્મિક માર્ગમાં પણ ગુરુનું મહત્વ - મહાનુભાવોના માર્ગદર્શક વચનો.
૨. મુક્તાનંદ સ્વામી : સદ્‌ગુરુ કી ભક્તિ કરે સોઈ .....
૩. બ્રહ્માનંદ સ્વામી : ગુરુદેવ જનની જનક રુ સંબંધી બંધુ..
૪. રામકૃષ્ણ પરમહંસ : જીવનમાં ગુરુ એક જ હોવા જોઈએ.
૬. સ્વામી વિવેકાનંદ : મહાન ગુરુ પૃથ્વી પર પરમાત્માનું જીવંત સ્વરૂપ છે.
૫. શ્રી રમણ મહર્ષિ : ગુરુની કૃપા શબ્દો અને વિચારથી પર.
૬. શ્રી અરવિંદ : ગુરુના શરણે જવું તે તમામ શરણાગતિઓથી પરની શરણાગતિ.
૭. શ્રીમદ્ રાજચંદ્ર : બીજું કાંઈ શોધ મા. એક સત્પુરુષને શોધી તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈને વર્ત્યો જા.

૮. હેલેના બ્લેવેટસ્કી : તમારું સમગ્ર ધ્યાન ગુરુ પર કેન્દ્રિત કરો.
૯. મહાત્મા ગાંધી : હિંદુ ધર્મે ગુરુપદને જે મહત્ત્વ આપ્યું છે તેને હું માનનારો છું.
૧૦.સ્વામી ચિદાનંદજી : તમે ક્યારેય એકલા નથી હોતા. તમે સદાય તમારા મહાન ગુરુના કવચથી સુરક્ષિત છો.

૩. **B.A.P.S. ના સત્સંગીની અસ્મિતા.**

૧. B.A.P.S. ચાર અંગ્રેજી અક્ષર - પણ આ ચાર અક્ષર કાને પડતાં જ એક આદર્શ સમાજ, આદર્શ સંસ્થા ચક્ષુ સમક્ષ ખડી જ થઈ જાય.
૨. B.A.P.S. સંસ્થાનો પરિચય આપવો તે સૂર્ય સામે દીવો ધરવા જેવું - છતાં પણ કહી શકાય કે આ સંસ્થાને આજે કોણ નથી જાણતું ? વિશ્વના બધા દેશોમાં આ સંસ્થાનો વ્યાપ.
૩. B.A.P.S. નો સત્સંગી વિશ્વના દરેક દેશમાં, દરેક રાજ્યમાં, દરેક શહેરમાં જ્યાં જાય ત્યાં એની આગવી ઓળખ તેનું વર્તન જ એવું કે પૂછવું ન પડે કે તમે B.A.P.S.ના છો ? આપોઆપ જણાઈ આવે. (પ્રસંગો) નીતિમત્તા, પ્રામાણિકતામાં અગ્રેસર.
૪. B.A.P.S. ના સત્સંગીની એક આગવી અસ્મિતા - B.A.P.S. નો સત્સંગી આવો જ હોય - તે આવું કરે જ નહિ - એવી નિરાળી છાપ (પ્રસંગો) આ સત્સંગી એટલે પ્રમુખસ્વામી મહારાજની સંસ્થાનો પ્રતિનિધી- દરેક દેશોના નેતાઓ, અગ્રેસરો, B.A.P.S. ના સત્સંગીના પરિચયમાં આવે તો તેના પર તેની અમીટ છાપ પડે જ (પ્રસંગો)
૫. તેથી જ આપણે સૌ સત્સંગીએ આ અસ્મિતા જાળવી રાખવાની ફરજ બજાવવાની છે - અને તેની પ્રતિભા સહેજ પણ ખરડાય નહિ તે જોવાનું છે. કારણ આપણે સંસ્થાનું, સ્વામીશ્રીનું, પ્રતિનિધિત્વ કરતાં હોઈ સંસ્થા કે સ્વામીશ્રીના નામને ઝાંખપ ન લાગે તે જોવાની આપણી પવિત્ર ફરજ - ઉપસંહાર.

❑ ❑ ❑